અધિકૃત ટેન્ડર

પ્રતિ,

.........................................................

.........................................................

.........................................................

કામનો પ્રકાર:જીઇઆરસી, ગાંધીનગર-કચેરી માટે વાતાનુંકુલિત ભાડાની ગાડી બાબત.

| | |
|---|---|
| અંદાજીત કિંમત | ₹ ૫૫,૦૦,૦૦૦.૦૦ |
| ઇ. એમ. ડી. | ₹ ૨૫,૦૦૦.૦૦ |
| અનામત રકમ | ₹ ૨,૫૦,૦૦૦.૦૦ |
| ટેન્ડર પહોંચતા કરવાની તારીખ | તારીખ :૧૭.૦૧.૨૦૧૭, ૪.૦૦ કલાકે સાંજે |
| ટેન્ડર ખોલવાની તારીખ – | તારીખ:૨૦.૦૧.૨૦૧૭, ૩.૩૦ કલાક બપોર બાદ જીઇઆરસી કચેરી ખાતે |
| ટેન્ડરનો પ્રકાર | આઇટમ રેટ |
| ટેન્ડર ફી | ₹ ૩૦૦૦.૦૦ (નોન-રિફંડબેલ રોકડેથી) |
| સમય મર્યાદા | ૨ વર્ષ (૦૧.૦૨.૨૦૧૭ થી ૩૧.૦૧.૨૦૧૯) |

1. ઇ.એમ.ડી માટે ડીમાન્ડ ડ્રાફ્ટ કોઇપણ સીડ્યુલ બેંકનો "ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, અમદાવાદ" ના નામે, મોકલવાનો રહેશે. ચેક કે બેંક ગેરંટી સ્વીકારમાં આવશે નહિં. સફળ થયેલ ઠેકેદારને વર્ક ઓર્ડર ઇસ્યુ થયા બાદ અન્ય તમામ ઠેકેદારને ઇ.એમ.ડી. અસલ પાવતી રજૂ કર્યેથી પરત કરવામાં આવશે. ઇ.એમ.ડી ની રકમ પર વ્યાજ મળવા પાત્ર નથી.
2. રસ ધરાવનાર ઠેકેદાર આ સાથે સામેલ પત્રક "અ" માં પોતાના ભાવો ભરવાના રહેશે. અધુરુ કે છેકછાક વાળુ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિં અને પત્રક "બ" ની તમામ સૂચનાઓ વાંચી અને સમજી છે તે બાબતના સહિં-સિક્કા કરી ટેન્ડર સાથે પરત આપવાનું રહેશે.
3. ટેન્ડર સીલબંધ કવરમાં માત્ર સ્પીડ પોસ્ટ અથવા રજીસ્ટર્ડ પોસ્ટ એડી. થી જ સ્વીકારવામાં આવશે.
4. ટેન્ડર ફી રોકડ માં અત્રેની કચેરીએ જમા કરવાથી ટેન્ડરની નકલ આપવામાં આવશે.
5. ટેન્ડર ડૉક્યુમેન્ટ રસ ધરાવનાર પાર્ટીઓના માત્ર અભ્યાસ અર્થે જી.ઇ.આર.સી વેબસાઇટ www.gercin.org પર મૂકેલ છે. વેબસાઇટ પરથી ડાઉનલોડ કરેલ ટેન્ડરમાં ભરેલા ભાવો સ્વીકારવા પાત્ર નથી.

**Sd/-**

સચિવ,

જી.ઇ.આર.સી, ગાંધીનગર

માત્ર અવલોકન અર્થે

## <u>પત્રક: "અ"</u>

કામનો પ્રકાર : જીઇઆરસી, ગાંધીનગર ખાતે કચેરી ઉપયોગ માટે વાતાનુકુલીત ભાડાની ગાડીઓ પૂરી પાડવા બાબત.

| અ નુ. નં. | વાહનનું નામ અને સીટીંગ કેપેસિટી ડ્રાઇવર સાથે | દરરોજના બાર કલાક માટે માસના મીનીમમ કિમી/(પ્રતિ માસ કિમી /પ્રતિ વાહન) | કોલમ નં. ૩ દર્શાવેલ મીનીમમ કિ.મી. માટેની રકમ (₹ પ્રતિ માસ/પ્રતિ વાહન) | કોલમ નં. ૪માં દર્શાવેલ મીનીમમ કિમીથી વધુ કિમીના ભાવ (₹ પ્રતિ કિ.મી. | દરરોજના બાર કલાકથી વધુ કલાકના ભાવ (રૂ. પ્રતિ/કલાક) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ટ્રાવેરા૧૦ | ૨૫૦૦ કિમી | | | |
| ૨. | ટ્રાવેરા૧૦ | ૨૫૦૦કિ.મી. | | | |
| ૩. | ટ્રાવેરા૧૦ | ૨૫૦૦કિ.મી. | | | |
| ૪. | ટેમ્પો ટ્રાવેલર: ૧૧+૧ | ૨૦૦૦કિ.મી | | | |
| કૂલ રકમ ₹ | | | | | |

ઉપરોક્ત ભાવો ગણતરી કરતી વખતે <u>તા.:30/12/2016 Rs.63.07:: ૧ (એક) પ્રતિ લીટર</u> નો ભાવ ગણતરીમાં લેવાનો રહેશે.

આ પત્રકમાં ભાવો સર્વિસ ટેક્ષ વગરના ભરવાના રહેશે. તેમજ ઉપરોક્ત ભાવ ડીઝલ/પેટ્રોલ, ઓઇલ, વાહન મરામત, ડ્રાઇવર ખર્ચ, ડ્રાઇવર ભથ્થા, આર.ટી.ઓ ટેક્ષ, પરમીટ ચાર્જ વિગેરે સાથેનો રહેશે.

ટેન્ડર ફી રૂ. ૩૦૦૦/- રસીદ નં.............................તા.....................(ઝેરોક્ષ નકલ સામેલ કરવી)
ઇએમડી રૂ.૨૫૦૦૦/-રસીદ નં..........................તા..................... (ઝેરોક્ષ નકલ સામેલ કરવી)

Sd/-
**સચિવ**
**જી.ઇ.આર.સી, ગાંધીનગર**

**ઠેકેદારની સહિં અને સિક્કા**

નોંધ : ટેન્ડર લેતી વખતે વાહનની માલિકીના પૂરાવા ટેક્ષી / મેક્ષી પાસિંગ પરમિટ સર્ટીફિકેટ, ફૂલ વિમો, આરટીઓ બુક, ડ્રાઇવર લાઈસન્સ, પાન કાર્ડ વિગેરે રજૂ કરવાના રહેશે. આ બાબતે કોઇ અધુરાશ હશે તો ટેન્ડર આપવામાં આવશે નહિં જે ઠેકેદાર/એજન્સી ના નામનું ટેન્ડર લેવાનું હોય તેના પોતાના તાબા હેઠળ ઉપર દર્શાવેલા વાહનો હોવા જોઇશે. અને આ વાહનો અન્ય કોઇપણ જગ્યાએ ઓર્ડરના સમયગાળા દરમ્યાન કોન્ટ્રાક્ટ હેઠળ વાપરવા આવશે નહિં તેની બાંહેધરી આપવાની રહેશે.

## પત્રક- "બ"

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,

### છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨૩૫૫

જીઇઆરસી, ગાંધીનગર ખાતે કચેરી ઉપયોગ માટે ભાડાની વાતાનુકુલીત ગાડીઓ પૂરી પાડવા માટેના નિયમો અને શરતો:-

ટેક્ષી/મેક્ષી પાસીંગ ગાડી વાર્ષિક ધોરણે ભાડે રાખવા અંગેની સામાન્ય શરતો નીચે મુજબ છે જે મુજબ ભાડે આપનાર ઠેકેદાર અને સચિવ શ્રી, જી.ઇ.આર.સી ઓફીસ ગાંધીનગરની સાથે કરાર કરવાનો રહેશે.

| | |
|---|---|
| ૧. | લાગતા વળગતા કાર્યક્ષેત્ર કે જેમાં ગુજરાતમાં અન્ય જગ્યાઓનો સમાવેશ થાય છે. ગાડી તમારા લાઈસન્સ ધરાવતા અનુભવી ડ્રાઇવર સાથે કોન્ટ્રાકટ ઉપર ભાડે આપવાની રહેશે. વાહનોની માલિકીના દસ્તાવેજો જેવા કે વાહન રજીસ્ટ્રેશન, ગુમાસ્તા ધારા હેઠળનું રજીસ્ટ્રેશન, પ્રાઇવેટ લીમીટેડ કે લીમીટેડ કંપની જો હોય તો મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસીએશન, સર્વિસ ટેક્ષ, પાન કાર્ડ, છેલ્લા ત્રણ વર્ષના હિસાબી સરવૈયા, નફા નુકશાન અને તેના બિડાણો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત સાથે રજૂ કરવાના રહેશે. |
| ૨. | આરટીઓના નિયમો અનુસાર ગાડી "ઓન રોડ" હોવી જરૂરી છે તથા તેને લગતા તમામ ટેક્ષ અને વીમા વગેરે ભરેલા હોવા જોઇએ તે ભરવા અંગેની સઘળી જવાબદારી ઠેકેદારની રહેશે. પોલીસ ખાતા મારફતથી જે કંઇ કાનૂની કાર્યવાહી થાય તેની બધીજ જવાબદારી ઠેકેદારને શીરે રહેશે. ટેક્ષી પરમીટ અને સંપૂર્ણ (કોમ્પ્રીહેન્સીવ) વીમો અંત્યત જરૂરી છે. |
| ૩. | ભાડા પર મૂકવાના વાહનો, ભાડે આપવા ઇચ્છુક એજન્સી/ઠેકેદારના તાબા હેઠળના હોવા જોઇએ, વાહનનું મોડલ જીઇઆરસીએ ટેન્ડર બહાર પડ્યા તારીખથી છેલ્લા છ માસનું હોવું જરૂરી છે. જૂના વાહન ઉપર ટેન્ડર મળી શકશે નહિં. મરામત ખર્ચની તમામ જવાબદારી ઠેકેદારના શીરે રહેશે. ટેક્ષી/મેક્ષી પાસીંગ ઓછામાં ઓછું આર.ટી.ઓના નિયમ મુજબનું હોવું જોઇશે. તથા આર.સી બુક, રોડ પરમીટ, વાહનનો વીમો, ટેકસની પાવતી, ટેક્ષી / મેક્ષી પાસીંગ, પીયુસી સર્ટી, તથા ભાડાના વાહનના જરૂરી તમામ દસ્તાવેજી પૂરાવાઓ રજૂ કરવાના રહેશે. |
| ૪. | ઠેકેદારે ભાડા પર વાતાનુકુલિત વાહન પૂરૂ પાડવાનું રહેશે. વાતાનુકુલન વ્યવસ્થા બંધ હાલતમાં આવશે તે દિવસ તે માટેના રૂ.૭૫૦/- પ્રતિ દિવસ કપાત કરવામાં આવશે. આવી કપાત મીનીમમ એક દિવસની રહેશે અને આવી કપાત પૂર્ણ દિવસોના ગુણાંકમાં જ રહેશે. |
| ૫. | અધિકૃત અધિકારીની સુચના અનુસાર કાચા કે પાકા રસ્તા ઉપર વાહન ચલાવવાની તથા લઇ જવાની રહેશે. આ કચેરી સિવાય બહારની જગ્યાએ પણ નિયુક્ત કરેલ અધિકારીની સુચના મુજબ જવાનું રહેશે. |
| ૬. | વાહન પૂરા પાડવાના સમયગાળા દરમ્યાન ડીઝલના ભાવમાં વધારો /ઘટાડો થશે તો નીચેની બતાવેલ ફોર્મ્યુલા મુજબ કિંમતમાં વધારો/ઘટાડો મંજૂર કરવામાં આવશે.<br>*<u>પ્રાઇસ વેરીયેશન :-</u>* |

| | |
|---|---|
| | ડીઝલના ભાવમાં દર ૧૦ પૈસા પ્રતિ લિટરના ભાવ વધારા/ઘટાડા સામે એક પૈસા પ્રતિ કિમી ની કિંમતનો વધારો /ઘટાડો જે તે સમયગાળા દરમ્યાન વાસ્તવિક ટ્રાવેલ કરેલા કિ.મી પર લાગુ પડશે ડિઝલની કિંમતમાં ૧૦ પૈસાથી ઓછો વધારો /ઘટાડો ધ્યાને લેવામાં આવશે નહિં.<br>ડિઝલના ભાવ 30/12/2016..ની તારીખે રૂ. 63.07..પ્રતિ લિટર છે.<br><br>ડીઝલના ભાવમાં થયેલ વધારો /ઘટાડો જ ગણત્રીમાં લેવામાં આવશે. ઓઇલ, ટાયર, ટ્યુબ કે અન્ય કોઇ ચીજ વસ્તુ, સેવામાં થયેલ ભાવ વધારો / ઘટાડો ગણત્રીમાં લેવામાં આવશે નહિં. ડીઝલના ભાવો વધે / ઘટે તેવા કિસ્સામાં ઠેકેદારે સરકારી ઓઇલ કંપનીના અમદાવાદ/ગાંધીનગર ખાતેના ડીઝલના ભાવ અને તે અમલી થયા તારીખ દર્શાવતું સહિં-સિકકાવાળું સર્ટીફિકેટ રજૂ કરવાનું રહેશે. |
| ૭ | સરકારશ્રી ના નિયમ અનુસાર કી.મી તથા કામગીરી અંગેની લોગબુક ફરજિયાત પણે રાખવાની રહેશે. જે બીલની ચુકવણી માટે અધિકૃત રેકોર્ડ ગણાશે. જે તે દિવસે મુસાફરી પૂરી થયેથી મુસાફરી કરનાર અધિકારી/ કર્મચારી દ્વારા સહિં કરાવવાની જવાબદારી જે તે ફરજ પરના ડ્રાઇવરની રહેશે. |
| ૮. | કોઇપણ શરતવાળું કે અધુરું ભરેલું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિં. |
| ૯. | ઠેકેદારે તેનું ગાડીભાડાનું પાકું બિલ (પાન, સર્વિસ ટેક્ષ ન સાથે) દર મહિનાની તા.૧૦ પહેલા જરૂરી લોગબુકની અસલ કોપી પરિપુર્ણ કરાવી કચેરીના હિસાબી અધિકારીને આપવાનું રહેશે. જેનું ચુકવણું બિલ મળ્યા પછી દિન – ૧૫માં ક્રોસ ચેકથી કરવામાં આવશે. |
| ૧૦. | ઠેકેદાર માસના અંતે વધારાનો કિ.મી. કે વધારાના કલાક બે માંથી જો વધુ રકમ થશે તે રકમ વધારાની રકમ તરીકે કલેઇમ કરી શકશે. |
| ૧૧. | ધારા ધોરણ મુજબ જો લાગુ પડતો હોય તો સર્વિસ ટેક્ષ અલગથી ચુકવવામાં આવશે અને ભાવમાં અલગથી બતાવવાનો રહેશે.તેમજ સર્વિસ ટેક્ષ નોંધણીનું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે તેમજ પૈસા જમા થયે ચલણની નકલ રજૂ કરવાની રહેશે. જો આ ટેક્ષ અલગથી દર્શાવેલ નહિં હોય તો ભરવાપાત્ર થતો નથી તેવું બાંહેધરી પત્રક રજૂ કરવાનું રહેશે. |
| ૧૨. | ઠેકેદારે કોમ્પ્રીહેન્સીવ સહીત ત્રાહિત વ્યક્તિનો સંપૂર્ણ વીમો લેવાનો રહેશે અને વીમા લીધાની નકલ કરાર કરતી વખતે રજૂ કરવાની રહેશે. વખતો વખત વીમા પોલીસી પૂર્ણ થયેથી નવી પોલીસીની નકલ કચેરીમાં રજૂ કરવાની જવાબદારી ઠેકેદારની રહેશે. વિમાને લગતા તમામ ખર્ચાઓની જવાબદારી ઠેકેદારની રહેશે. |
| ૧૩. | ઠેકેદારની ગાડી અધિકૃત અધિકારીની સુચના મળે ત્યારે ગાડી માંગે ત્યારે અને તેટલા સમય માટે આપવાની રહેશે, તેમજ કચેરી કામકાજ માટે મોડેથી રોકાવાનું થાય તેમજ જાહેર રજાના દિવસે જરૂર પડશે તો તે દિવસે પણ ગાડી આપવાની રહેશે. |
| ૧૪. | ઉપરોક્ત કોન્ટ્રાકટ માટેની સમય મર્યાદા બે વર્ષની રહેશે. ઠેકેદાર / એજન્સીની સેવાઓ સંતોષકારક લાગ્યે આયોગ વધુ એક વર્ષ કામગીરીની મુદત વધારી શકશે. |

| | |
|---|---|
| ૧૫. | આપની ગાડી કચેરીના કામથી બહાર જવાની જરૂરિયાત ઉભી થાય તો આપે ભરેલા ભાવે જ ગાડી આપવાની રહેશે. |
| ૧૬. | ડીઝલ /ટાયર / આકસ્મિક મરામત / સર્વિસીસ અકસ્માત કે અન્ય કારણસર આપનું વાહન રોકાયેલું રહેશે તો તેની અવેજીમાં બીજી ગાડીની વ્યવસ્થા ઠેકેદારે તત્કાલ કરવાની રહેશે. |
| ૧૭. | આ કામ માટે સિક્યુરીટી ડિપોઝીટ પેટે ₹ ૨,૫૦,૦૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટ કોઇપણ શીડયુલ બેંકનો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, અમદાવાદ ના નામનો અમારી હિસાબી શાખામાં ભરવાનો રહેશે, ત્યારબાદ જ આ કામનો વર્ક ઓર્ડર ઇસ્યુ કરવામાં આવશે. જો ઠેકેદાર કામ અધુરૂં છોડશે અગર દર્શાવેલ શરતોનો ભંગ કરશે તો ભરેલ ડિપોઝીટ જપ્ત થવાને પાત્ર છે. સિક્યુટીટી ડિપોઝીટ કોન્ટ્રાકટ સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ વહીવટી શાખા તરફથી ના-વાંધા પ્રમાણપત્ર મળ્યા બાદ પરત કરવામાં આવશે. આ સિક્યુરીટી ડિપોઝીટ ઉપર કોઇ જ પ્રકારનું વ્યાજ મળવા પાત્ર રહેશે નહિં. |
| ૧૮. | આ નોટોરિયલ કરાર ₹ ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ઓર્ડરનો અમલ થયા પહેલા કરવાનો રહેશે. |
| ૧૯. | ગાડીનો ડ્રાઇવર અનુભવી તથા જરૂરી લાઈસન્સ અને ભાડાની ગાડી ચલાવવા માટેનો બેઝ ધરાવતો હોવો જોઇએ. ડ્રાઇવર જે તે વિસ્તારના રસ્તાઓનો જાણકાર હોવો જોઇએ, તેની ઉંમર ૫૫ વર્ષ થી વધુ ન હોવી જોઇએ તથા તે વિનમ્ર, સ્વચ્છ, સારા પોષાકમાં, સદભાવપૂર્ણ વ્યવહાર રાખનાર અને નશાયુક્ત પદાર્થનું સેવન કરતો ના હોવો જોઇએ. વાહન માલિક દ્વારા ગાડી ડ્રાઇવરને ઓછામાં ઓછું ઇન્કમીંગ સેવા ચાલુ હોય તેવો મોબાઇલ ફોન આપવાનો રહેશે, સદર નંબર બદલવો પડે તેમ હોય તો વાહન માલિક દ્વારા તુરત જ નવો નંબર જણાવવાનો રહેશે. |
| ૨૦. | વાહન જે દિવસે કામ પર ન આવે અથવા અવેજીમાં બીજુ વાહન પુરૂં ન પાડવામાં આવે તો રૂ.૧૫૦૦/- પ્રતિ દિવસ લેખે કાપી લેવામાં આવશે. જીઇઆરસીને બીજું વાહન ભાડે રાખવા માટે જે ખર્ચ કરવો પડશે તે રૂ.૧૫૦૦/- ઉપરાંત બીલમાંથી વસૂલ કરવામાં આવશે. આવા દિવસોના કી.મી. મહત્તમ મર્યાદામાંથી મજરે આપવામાં આવશે નહીં તથા જો વાહન સતત સાત દિવસ સુધી ગેરહાજર રહેશે અને કોન્ટ્રાકટર દ્વારા અન્ય વાહન ઉપલબ્ધ નહીં થાય તો આપનો ઓર્ડર કોઇપણ જાતની જાણ કર્યા સિવાય રદ કરી શકાશે અને તે સંજોગોમાં સિક્યુરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. |
| ૨૧. | ઠેકેદારે વાહન ઉપર "ઓન ડ્યુટી જીઈઆરસી" વંચાય તે રીતે લખવાનું રહેશે. ગાડી સાથે સ્પેર વ્હીલ તથા બીજી મરામત માટેના સાધનો રાખવાના રહેશે |
| ૨૨. | વાહન માટે જરૂરી ડીઝલ, ઓઇલ, સ્પેરપાર્ટસ કે મરામત માટેનાં સઘળાં ખર્ચની જવાબદારી ઠેકેદારની રહેશે. |
| ૨૩. | વાહન અધિકારીની સૂચના મુજબ કચેરીનાં માણસો તથા જરૂરી માલસામાન લાવવા લઈ જવા દેવા માટે ઉપયોગમાં લેવામાં આવશે તથા માલ સામાન વહન કરવા માટે વાહનના ઉપરના ભાગે કેરીયરની વ્યવસ્થા કરવાની રહેશે. જો વાહનના ઉપરના ભાગે કેરીયરની વ્યવસ્થા ના હોય આ વર્ક ઓર્ડર મળેથી દિવસ-૧૫માં જ લગાવવાના રહેશે. જેની જવાબદારી ઠેકેદારની પોતાની રહેશે. |

| | |
|---|---|
| ૨૪. | ઠેકેદારને તેમનું બિલ માઇલો મીટર મુજબનાં કી.મી.ના આંક પ્રમાણે ચુકવવામાં આવશે, જો માઇલો મીટર બંધ હશે અથવા આયોગ્ય રીતે ફરતુ જણાશે તો તે માટે કી.મી.ની યોગ્ય ગણતરી કરવાની સત્તા સંયુકત નિયામક(વહીવટ અને હિસાબ)શ્રી ને રહેશે અને તે સંજોગોમાં ઠેકેદારને વિવાદ કરવાનો કોઇ અધિકાર રહેશે નહિં. |
| ૨૫. | કચેરી અને વાહન હંકારનાર વચ્ચે નોકરી અને તેની આનુષંગિક કોઇપણ બાબત જેવી કે માલિક અને ડ્રાઇવરના સંબંધ અથવા તો કોઇ પણ અન્ય કાયદાકીય જવાબદારી રહેશે નહીં. વાહન હંકારનાર દ્વારા તેઓની સેવા બાબતે કોઇપણ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમાં કચેરીને કોઇપણ સ્વરૂપમાં લેવાદેવા રહેશે નહીં. |
| ૨૬. | ઠેકેદાર કે તેના કર્મચારી દ્વારા તેની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઇપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કચેરીની મિલકત કે કોઇપણ સાધન સામગ્રીને, સેવાને કોઇપણ રેકર્ડ કે અધિકારી/કર્મચારીઓની વસ્તુને, થયેલ નુકશાન કે અન્ય કોઇપણ પ્રકારનું નુકશાન ભરપાઇ કરવા બંધાયેલ છે. |
| ૨૭. | કચેરીના જવાબદાર અધિકારીને જો ઠેકેદારની સેવા નિશ્ચિત ધોરણ અનુસારની પ્રાપ્ત થતી ન લાગે તો જે તે દિવસની સપ્રમાણ ચૂકવણી દરના બે ટકાની કપાત પ્રથમ તબક્કે કરવાની રહેશે તે માટે એજન્સીને જાણ કરાશે, જો સેવા ખામી વિશેષ દેખાય તો બે ટકા લેખે કપાત દરરોજ વધારતા જવાની રહેશે. જરૂર જણાયે કચેરી દ્વારા ૩ માસની નોટિસ આપી કરાર રદ કરી શકાશે. |
| ૨૮. | આ કરાર બિન-તબદિલી પાત્ર છે. ઠેકેદાર પેટા ઠેકેદારને રોકી શકશે નહીં. ઠેકેદાર અન્ય કોઇપણ પેટા ઠેકેદારને આ કામ તબદીલ કરી શકશે નહી અથવા આ કરારની અન્ય કોઇ બાબત અન્ય ઠેકેદારને તબદીલ કરી શકશે નહીં. |
| ૨૯. | જો ઠેકેદાર કરાર ચાલુ રાખવા ઇચ્છતા ન હોય તો તેણે ૩ માસની નોટિસ આપવી પડશે અને તે પરિસ્થિતિમાં તેની સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. |
| ૩૦. | ઠેકેદારના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે. |
| ૩૧. | ઠેકેદારના વ્હીકલને કોઇપણ જાતનો અકસ્માત થશે તો તેને લગતા તમામ વળતરની સઘળી જવાબદારી વાહન ધરાવનાર ઠેકેદારની રહેશે. |
| ૩૨. | ટેન્ડર લેતી વખતે જે ગાડીના કાગળો આપ્યા હશે તે જ ગાડી આપવાની રહેશે. જો સંજોગોવસાત ગાડી બદલવાની થાય તો સંયુકત નિયામક (વહીવટ અને હિસાબ) ની જરૂરી મંજૂરી મેળવવાની રહેશે |
| ૩૩. | ટેન્ડર ઓપન કર્યા પછી જેમનું ટેન્ડર પાસ થયેલ હોય તેમણે ગાડી ઓર્ડર આપ્યા પહેલા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાની જવાબદારી રહેશે. |
| ૩૪. | ઉપરોક્ત શરતો અંગે જો કોઇ વાંધો અગર મતભેદ ઉભો થશે તો તે અંગેનો નિર્ણય લેવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીની રહેશે. આ બાબતમાં કોઇપણ જાતની કાનૂની ગૂંચ કે વિવાદ અંગે જીઈઆરસીની હકૂમત માન્ય ગણાશે. |
| ૩૫. | ઠેકેદારે પત્રક "અ" માં દર્શાવેલ ચારેય વાહનોના બધાજ કોલમોના ભાવ ભરવાના રહેશે. ચારેય વાહનોની કોલમ નં ૪ પ્રતિ માસ લેખેની રકમનો સરવાળો કરી કૂલ રકમ દર્શાવવાની રહેશે. આ |

| | |
|---|---|
| | કોલમ નં ૪ની કૂલ રકમ જે ઠેકેદારની ઓછામાં ઓછી હશે અને તે ઠેકેદાર ટેન્ડર માટેની અન્ય શરતો પરીપૂર્ણ કરતા હશે તો તેમનું ટેન્ડર સ્વીકારવા પાત્ર ગણવામાં આવશે. |
| ૩૬. | કોઇપણ કારણ આપ્યા સિવાય બધાજ ટેન્ડર સ્વીકારવા કે ન સ્વીકારવા તે બાબતનો અધિકાર અધિકારીશ્રીને અબાધિત રહેશે. |
| ૩૭. | ટેન્ડર ફક્ત રજી.પો.એડી / સ્પીડ પોસ્ટ એડી થી જ સ્વીકારવામાં આવશે. |
| ૩૮. | રોડ ઉપર વાહન ચલાવવાનો રોડ ટેક્ષ વાહન માલિકે ભરવાનો રહેશે. ટોલ ટેક્ષ/બ્રીજ ટેક્ષ વાહન માલિકે ભરવાનો રહેશે અને તેની ઓરીજીનલ પાવતી રજુ કરવાથી બિલ સાથે મજરે આપવામાં આવશે. |
| ૩૯. | ડ્રાઇવરની કામગીરી અંગે અસંતોષ અથવા કોઇપણ જાતની ફરિયાદના અનુસંધાનમાં અધિકારીશ્રીની સૂચના મળ્યેથી ડ્રાઇવર તાત્કાલિક બદલવાની વ્યવસ્થા ઠેકેદારે કરવાની રહેશે. |
| ૪૦. | ટેન્ડરના કવર ઉપર "ફોર હાયરીંગ ઓફ વ્હીકલ" લખવું, |
| ૪૧. | પાન કાર્ડ નંબર વિના ટેન્ડર આપવામાં આવશે નહીં. |
| ૪૨. | ડ્રાઇવરના રહેવા જમવાની વ્યવસ્થા ઠેકેદારની રહેશે. |

Sd/-
સચિવ
જીઇઆરસી, ગાંધીનગર

ઠેકેદારનું નામ :..........................................................
ઠેકેદારની સહી અને સિકકા:..........................................
પુરૂં સરનામું...........................................................................................................................
.........................................................................................................................................

કોંટેક્ટ નં :- (મોબાઇલ) ..........................(ઓફિસ)........................(ઘર) ...........................

માત્ર અભ્યાસ અર્થે